**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.471
Volume - 6, Issue - 7, July - 2023 Publication Date: 31/07/2023

DOIs:10.2018/SS/202307016 --:-- Research Paper / Article / Review

# અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં કપોળકાલ્પનિક રહસ્યમયી વાર્તાઓ : 'ફિકશનાલય'

**ડૉ. વર્ષા જે. પરમાર**
ગુજરાત, ભારત
Email - varshaparmar25793@gmail.com

ગુજરાતી સાહિત્યમાં નવલકથા, લઘુનવલ, નાટકો, ટૂંકીવાર્તાઓ, આત્મકથાઓ અને જીવનચરિત્ર વગેરે જેવા સ્વરૂપો સદીઓથી ખેડાતા જોવા મળે છે. આ સાહિત્ય સ્વરૂપોમાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ એ એક વિશેષ રચના છે. તેમાં કાલ્પનિકતાને રજૂ કરતી વાર્તાઓના પ્રયોગો ઘણા ઓછા થયા છે. મધ્યકાલીન સાહિત્યમાં શામળની વાર્તાઓમાં, બત્રીસપૂતળીની વાર્તાઓમાં, પંચતંત્રની વાર્તાઓમાં કલ્પનાને સ્થાન આપેલું છે. ૧૯૮૦ પછી અનુઆધુનિક ટૂંકીવાર્તાની શરૂઆત થાય છે. આજની આ અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં યુવા વાર્તાકાર વિશાલ ભાદાણીના 'ફિકશનાલય' વાર્તાસંગ્રહમાં કાલ્પનિક દુનિયાનો એક નવો અને વિશેષ પ્રયોગ રજૂ થયેલો જોવા મળે છે.

વિશાલ ભાદાણીએ તેમના 'ફિકશનાલય' નામના વાર્તાસંગ્રહમાં વાસ્તવિક જગતની બહાર કાલ્પનિક જગતને તેમની વાર્તાઓમાં રજૂ કર્યું છે. આ વાર્તાકારે તેમની વાર્તાઓમાં રોજીંદા જીવનની વ્યવસ્થાને ચાલ્યા આવતા પરંપરાગત માળખાને તોડીને એક નવી જ વ્યવસ્થા કપોળકલ્પના દ્વારા રજૂ કરી છે. તેમને રોજીંદા જીવનના પાત્રોને કાલ્પનિક દુનિયામાં પ્રવેશ કરાવી આધુનિક રીતિઓ સાથે મેળ સાધ્યો છે. આ વાર્તાકારે એમની વાર્તાઓમાં કાલ્પનિક પ્રયોગશીલતા દ્વારા ભાવકને એક નવી જ દુનિયાનો અનુભવ કરાવ્યો છે. પોતાની વાર્તાઓને 'વાર્તા ફિકશન' ઓળખાવનાર આ વાર્તાકારે જ્યાં આવા કાલ્પનિક પ્રયોગો રજૂ કર્યા છે તે કથાખંડ આખરે તો વાસ્તવિક જગતની નરી વાસ્તવિક્તા જ છે.

આ સૃષ્ટિમાં મૃત્યુ એ સમગ્ર જીવસૃષ્ટિનું છેલ્લું સોપાન ઘણી શકાય છે.અહીં મરણ પછી કોઈ મરણ આવતું નથી પરંતુ આ વાર્તાકાર તેને પણ પોતાની 'ગુજરાત એક્સપ્રેસ' વાર્તામાં રજૂ કરે છે. આ વાર્તામાં પ્રણયને એક જ વાર આવતી મૃત્યુ નામની ઘટનાથી આલેખવામાં આવ્યો છે. ટ્રેનમાં દરરોજ મુસાફરી, દરરોજ કરતાં આજે ટ્રેનમાં કોઈનું ન હોવું , ટ્રેનમાં પોતે પસંદ કરતાં છોકરીનું-વૃધ્ધનું અને પોતાનું એકલા હોવું, આખી ટ્રેન ખાલી હોવા છતાં તે છોકરીનું પોતાની બાજુની સીટમાં જ આવીને બેસવું, મહી નદી પરથી ટ્રેનનું તરીને પસાર થવું- આ બધી ઘટના વાર્તામાં વિશેષ રીતે કાલ્પનિકતાથી રજૂ કરી છે. વાર્તાના અંતમાં વાર્તાનાયકની બેગમાંથી છાપાંનું પડી જવું તથા બેગમાંથી પડેલા છાપાંને મૂકવા જતાં 'આણંદ આવૃતિ' માં છપાયેલા એક ખાસ સમાચારમાં નજર પડે છે. તેમાં તે વાંચે છે કે અમદાવાદ-મુંબઈ વચ્ચે ચાલતી 'ગુજરાત એક્સપ્રેસ' ટ્રેન સાથે ગઈકાલે એક દૂર્ઘટના સર્જાણી. તેમાં ડ્રાઇવરે મહી નદી પાસેના એક પુલ પર એક વૃધ્ધ માણસને પાટા પર આડો સૂતેલો જોયો અને ઇમરજન્સી બ્રેક લગાવી. ટ્રેનની ઝડપ વધારે હોવાથી ટ્રેન સંપૂર્ણપણે ઊભી ન રહી શકી અને તે વૃધ્ધ માણસ ટ્રેન નીચે કચડાઈને મૃત્યુ પામ્યો પરંતુ ટ્રેનને અચાનક બ્રેક લાગતાં એ ઝાટકા દરમિયાન દરવાજા પાસે ઉભેલા યુવક-યુવતી સંતુલન ગુમાવી ચાલુ ગાડીએ નીચે ફેંકાઇ ગયા અને તેમના મૃતદેહો મળ્યા હતા. તે યુવક છાપાંમાંથી ઊંચી નજર કરીને જુએ છે તો તેની બાજુમાં

બેઠેલી છોકરી સફેદ પીંછું બનીને હવામાં લહેરાવા લાગી. અહીં વાર્તાકાર છાપાંની એક કાપલી દ્વારા વાર્તાનાયકનું,તે છોકરીનું અને વૃધ્ધનું મૃત્યુ પછીનું મૃત્યુ કાલ્પનિકતાથી રજૂ કરે છે.

'ફિકશનાલય' વાર્તાસંગ્રહનું પ્રતિનિધિત્વ કરતી વાર્તા 'મ્યુઝિયમ ઓફ ઇનોસન્સ' માં આ સૃષ્ટિ પરથી નાશ થતાં અને તેની સાચવણી માટે ઊભું કરવામાં આવતા મ્યુઝિયમની વાત થયેલી છે. આ વાર્તા સમગ્ર સંગ્રહની એક મહત્વની વાર્તા બની રહે છે. તેમાં ભોળપણનું એક આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય બનાવવાનું છે. અને સણોસરાથી કોઈ ભોળી વસ્તુ વિદેશમાં મોકલવાની છે તેનો એક પત્ર આવે છે. પરંતુ આ પત્ર અંગ્રેજીમાં હોય છે અને અંગ્રેજી લખતાં વાંચતાં તો આખા ગામમાં જીગલાને જ આવડે તેથી જીગલા ને બોલાવવામાં આવે છે. આ વાર્તામાં સણોસરાની પ્રાદેશિક ભાષા, બોલચાલની ભાષાના લઢણો, પ્રયોગો અને લહેકા વગેરેનો વિનિયોગ થયેલો છે. વાર્તામાં આવતું કળવીમાનું પાત્ર અને તેમના વ્યક્તિત્વની ઝલક પણ તેમની ભાષા દ્વારા વાર્તામાં ઉપસી આવે છે. આમ આ વાર્તાનું ગદ્ય ગામડાંની પ્રાદેશિક બોલીમાં આલેખાયેલું છે.

'ડૂમો' એક રસપ્રદ વાર્તા છે ફેસબુકના સ્ટેટસ અપડેટથી ઊઘડતી વાર્તા કથકના જન્મ સમયની એક ખૂબ ચોંકાવનારી પૂર્વસ્મૃતિને વર્તમાનમાં લઈ આવે છે. આ વાત ત્યારની છે જ્યારે કથક પોતાની બાના પેટમાં છે અને મામા તેડવા આવવાના છે. બાને જતાં-જતાં છેલ્લે ડેલીએ આવી દાદીમાના શબ્દો 'છોકરો થાય તો આવજે નકર નઇ' એ વાતનો બાના ગળામાં ભરાયેલો ડૂમો છેક પેટમાં કથકને ભીંસે છે. આ ડૂમો ધીરે-ધીરે વધવા લાગે છે અને બા નક્કી કરે છે કે 'સોકરો ય નથી જોતો અને સોડીએ નથી જોતી' આ શબ્દો પછી બા એક સાથે ગર્ભપાતની આઠ ટીકડીઓ ખાઈ લે છે અને નાનીમાએ આપેલા સમ પણ ખોટા ખાઈ લે છે. પાછળથી તેનો પછતાવો થાય છે અને માતાજીની માંફી માંગી કેટલીયે માનતાંઓ રાખે છે ત્યારે કથક આ ધરતી પર પહેલો શ્વાસ લે છે. પરંતુ તેમના આખા શરીર પર દાઝ્યાના નિશાન હતા અને એક સામાન્ય બાળક થતાં કથકને ઠીક-ઠીક સમય લાગે છે.

આમ સાસુ દ્વારા કહેવામાં આવતા છોકરાની આશમાં કથકની માતા મનમાં મૂંઝાઇ ગર્ભપાતની દવા ખાઈ લે છે. નસીબજોગ બાળક બચી જાય છે. માતા ઘણું પછતાય છે. પરંતુ વાર્તાના અંતમાં કથક કહે છે કે આવા કપરા સમયમાં આ બધુ તેની બા સાથે બની રહ્યું હતું ત્યારે તેમના પિતા ક્યાં હતા? અને છેવટે દાઝ્યાના નિશાન સાથે તે આ ધરતી પર જન્મ લે છે. કથકને જેમ પોતાના પિતા વિશે પ્રશ્ન થાય છે તેવી રીતે અનુઆધુનિક વાર્તાની દ્રષ્ટીએ વાર્તામાં એક પત્ની સાથે આવો વ્યવહાર થતો હોય અને પતિનું વાર્તામાં કોઈ સ્થાન ન હોવું એ વાર્તાકારની એક મર્યાદા ઘણી શકાય છે.

'વાર્તાની ચોપડી' એક અલગ વિષયવસ્તુને આપણી સમક્ષ રજૂ કરે છે. અહીં એક ઘનશ્યામની સફર બીજા ઘનશ્યામની શોધ થતાં પૂરી થઈ જાય છે. અહીં વાર્તાની ચોપડી એ માત્ર આધાર વસ્તુ તરીકે જ છે. એક વાર્તા પારખતાં-સમજતાં ભાવકને સમજાઈ જાય ત્યાં એક ઘનશ્યામ બીજા ઘનશ્યામને 'વાર્તાની ચોપડી' આપીને જતો રહે છે. અને આમ અહીં એક ઘનશ્યામ દ્વારા બીજા ઘનશ્યામની શોધ પરંપરાગત જળવાઇ રહે છે.

'ઇડિપસની આંખો' વાર્તાની રચનારીતિ એ દુનિયાની વાસ્તવિકતા ને રજૂ કરે છે આ વાર્તામાં ભૂતકાળનો આધાર લઈ વાર્તાકાર વર્તમાનમાં વાસ્તવને ઉપસાવે છે. અહીં વાર્તાનાયક ઈડિપસ પોતાના જ પિતાની હત્યા કરી પોતાની માતા જોકાસ્તા સાથે લગ્ન કરી લે છે તેવી વાત તેને દાસી પાસેથી જાણવા મળે છે અને તે દાસીના વાળમાં ખોસેલી પીન લઈ આંખોમાં ખોસી બંને આંખો બહાર કાઢી લેવાનું અણધાર્યું કૃત્ય કરી બેસે છે. અને ધરતી માતાને પોતાની અંદર તેને સમાવી લેવાનું આહ્વાન આપે છે પરંતુ આ ધરતીનું અંતિમ હીનતમ પાપ નથી તેથી તે ધરતીમાં સમાતો નથી અને તે જાણવાની ઈચ્છાએ તેને લાંબી ત્રાસદાયક યાત્રાએ મોકલેલો અને ક્રૂરમાં ક્રૂર પાપ જોયા પછી પણ તેને મુક્તિ મળતી નથી તે ભટકતો રહે છે. આમ, દુનિયામાં

પાપોનો અંત નથી અને કોઈ પાપ એ દુનિયાનું અંતિમ હીનતમ પાપ નથી. તેનાથી વિશેષ પાપ પણ આ દુનિયામાં રહેલું જ છે.

'બોરોપ્લસનું સામૈયું' વાર્તામાં શરૂઆતમાં શિયાળાની ઋતુનો પરિવેશ આલેખાયેલો છે. ઠંડીને લીધે ફાટી જતાં શરીર પર લોકો તેલને બદલે હવે લોકો વેસેલીન વાપરતાં થયા છે અહીં વાર્તાનાયક જીગલો બહેને સુરતથી મોકલાવેલ બોરોપ્લસ લગાવી નિશાળે જાય છે. તેના મિત્રો પણ સુરતથી આવનાર તેની બહેન પાસે બોરોપ્લસ મંગાવે છે. જીગલો અને તેના મિત્રો બહેનની રાહ જોવામાં બસ સ્ટેન્ડ પહોંચે છે. ત્યાં તેમની પહેલા ત્યાં હાજર લોકો મોટરમાંથી એક મૃતદેહ બહાર કાઢે છે. જીગલાની બહેન આત્મહત્યા કરી લે છે. અહીં જીગલો આવનાર બહેન અને તેની પાસે મંગાવેલ બોરોપ્લસનું સામૈયું કરવા માટે બસ સ્ટેન્ડ જાય છે પરંતુ ત્યાં તો તેને પોતાની બહેનની લાશનું સામૈયું કરવું પડે છે તે આખી ઘટનાનું વર્ણન વાર્તામાં સરસ રીતે રજૂ થયેલું છે.

'સ્પ્રિંગ' વાર્તામાં વાર્તાનાયકના હ્રદય હુમલામાં હ્રદયમાં 'સ્પ્રિંગ' નાંખવાની એક ઘટના ઉપરથી તેના જીવનની નાની-નાની ઘટનાઓને દર્શાવી વાર્તાનાયકના ચિંતાયાત્રાનો અહીં કરૂણ અંત દર્શાવ્યો છે. આપણે ત્યાં એક કહેવત છે કે 'ચિંતા એ ચિતા સમાન છે' તેવી રીતે અહીં 'જીવલાનો જીવ' વાર્તામાં જીવલાની ચિંતા એ છેલ્લે ચિતામાં અંત પામે છે. આ વાર્તામાં એક છીંકને કારણે જીવલાએ લીધેલી ચિંતા તેના મૃત્યુનું કારણ બને છે. વાર્તાની શરૂઆતથી અંત સુધી વાર્તા આપણને રમૂજી લાગે છે પરંતુ વાર્તાના અંતે જીવલાનું મૃત્યુ એ વાર્તામાં કરૂણતા સર્જે છે.

આમ 'ફિકશનાલય' વાર્તાસંગ્રહમાં વાર્તાકાર એક કાલ્પનિક રહસ્યમયી વાર્તા રજૂ કરે છે. આ વાર્તાઓની રચનારીતિમાં વાસ્તવ કરતાં કાલ્પનિકતા વધારે તરી આવે છે. નવી પ્રયુક્તિઓ અને નવી રીતિઓ આ વાર્તાઓમાં વિશેષ જોવા મળે છે. અન્ય વાર્તાઓની જેમ આ સંગ્રહની વાર્તાઓ એક જ પ્રવાહમાં ન ચાલવાને બદલે સર્જક દરેક વાર્તાની કથનપદ્ધતિને નોખી રીતે પ્રયોજવાનું કૌશલ્ય કામે લગાડે છે. અહીં અંગ્રેજી શબ્દો અને અંગ્રેજીમિશ્રિત ગુજરાતી શબ્દોનો પ્રયોગ પણ વિશેષ થયેલો જોવા મળે છે.

**સંદર્ભગ્રંથ :**

1. ભાદણી, વિશાલ, (પ્રથમ આવૃત્તિ-૨૦૧૮), *ફિકશનાલય*, લટ્ટર પ્રકાશન, ભાવનગર.
2. બારૈયા, બિપિન, *શબ્દસૃષ્ટિ*, જાન્યુઆરી-૨૦૨૦,અધૂરપમાંથી પૂરી થતી વાર્તાઓ: 'ફિકશનાલય', અંક-૧૦, સળંગ અંક-૪૩૬.